સ્ત્રીપ્રત્યે ઉપદેશ.

કેશવચંદ્રસેન.

પ્રસ્તાવના.

આ અતિ સરલ, સાદા અને ભક્તિભાવથી ભરેલા ઉચ્ચ ઉપદેશ બ્રાહ્મસમાજના આચાર્ય કેશવચંદ્રસેને પોતાનાં પત્નિ સતી જગન્મોહિની દેવીને પ્રથમ આપેલા હતા. પણ તે એવા તો સર્વમાન્ય છે કે તેથી પ્રત્યેક સ્ત્રીની આધ્યાત્મિક ઉન્નતિમાં ઘણો લાભ થયા વગર રહે નહિ.

છેલ્લાં સો સવાસો વર્ષ થયાં જમાનાનું રૂપ છેક બદલાતું આવ્યું છે એ વાત નિઃસંદેહ છે. આ યુગચક્ર ફરતાં આપણી સાંસારિક અને ધાર્મિક સર્વ સ્થિતિમાં મહાન ફેરફારો થયા છે અને થતા જાય છે. એ ફેરફારોમાંનો એક અતિ અગત્યનો અને મ્હોટો ફેરફાર જનસમાજમાં સ્ત્રીના સ્થાન સંબંધી થયેલો છે આ પરિવર્તન માત્ર ભારતમાંજ નહિ પણ સમસ્ત એશિયા, યુરોપ અને પૃથ્વિના ચારે

ખંડોમાં થયેલું છે. નવાયુગનું આગમન થતાં નુતન સ્ત્રીત્વ (A new womanhood) દિનદિન અધિકાધિક પ્રકાશિત થતું જાય છે. આ નવા સ્ત્રી ભાવને પોપવાને ભારતમાં અનેક સ્ત્રી પુરૂષોએ પ્રયત્નો કરેલા છે અને હજુ કરતા જાય છે અને તેને માટે તેઓને ભારત ચિરકાળ આભારી છે. આ પરોપકારી સ્ત્રી પુરુષોમાં બ્રહ્માનંદ કેશવચંદ્ર સેનનું સ્થાન ઘણું ઉંચું છે.

એ મહાપુરૂપનું મુખ્ય કાર્ય આ યુગનાં ભારતનાં પુત્ર પુત્રીઓને આધ્યાત્મિક રાજ્યના ઘણા ઉંચે સ્થાને લઇ જવાનું હતું. આથી સ્ત્રાની ઉન્નતિ કરવાના કાર્યમાં તેનું મુખ્ય લક્ષ્ય સ્ત્રીનો આત્મા કેમ ભકિતભાવ અને સ્વર્ગિય પ્રેમથી ઉન્નત થાય તે તરફ હતું. સ્ત્રી ઉંચા પ્રકારની દેશી અને અંગ્રેજી કેળવણી પામી પોતાનાં મન અને હૃદય ખીલવે એ તેને ઘણું પ્રિય હતું અને તેથીજ તેણે બંગાલ દેશમાં કન્યાશાળા, સ્ત્રીશાળા વગેરે જુદી જુદી જાતનાં સ્ત્રી

મંડળો સ્થાપ્યાં હતાં. પણ તેની આંતર ઇચ્છા અને પ્રવૃત્તિ એ હતાં કે સીતા, દ્રૌપદી, સાવિત્રી, વગેરે સતીકુળથી ઉતરતી ભારતની આધુનિક આર્ય મહિલાઓ તેઓના આ ઉચ્ચ સતીકુળને યોગ્ય થાય અને ગાર્ગી, મૈત્રેયી વગેરે રૂષિપત્નિઓની માફક ગૃહ-સન્યાસિની અને યોગિની થાય. આને માટે તેણે પોતાની પત્નિ અને અન્ય બ્રાહ્મની પત્નિઓને પ્રભુ પ્રાર્થના અને બ્રહ્મોપાસનાનું ઉચ્ચ શિક્ષણ આપવાના પોતાની કારકિર્દિની શરૂઆતથીજ ઘણા પ્રયત્નો કર્યા હતા અને તેના તે પ્રયત્નોથી ખાસ કરી બંગાળની સ્ત્રીજાતીને ઘણોજ આધ્યાત્મિક લાભ થયો છે.

આ ન્હાના પુસ્તકમાં રહેલા ઉપદેશ તેની પોતાની પત્નિને સહધર્મિણી કરવાના પ્રયાસોમાંનો એક પ્રયાસ છે, અને તેમાં સ્ત્રી જાતીની પોતા પ્રત્યે, પોતાના પરિવાર પ્રત્યે, પોતાના પાડોશીઓ અને જનસમાજ પ્રત્યે અને ઇશ્વર પ્રત્યેની મુખ્ય ફરજોનું

બહુજ ટુંકામાં પણ ઘણીજ સુંદર રીતે આલેખન કરવામાં આવ્યું છે. તેમજ પ્રભુપ્રાર્થના અને ઇશ્વરોપાસનાનાં સહજ ધર્મ-સાધન બતાવેલાં છે. ગુજરાતમાં નવા યુગની નવીન સ્ત્રીની આધ્યાત્મિક ઉન્નતિને સહાય કરે એવું આ જાતનું સાહિત્ય બહુજ થોડું જોવામાં આવે છે અને આથી આપણી ગુજરાતી ભગિનીઓને ઘણોજ લાભ થશે એમ હું આશા રાખું છું.

આ પુસ્તકની પ્રસિદ્ધિના સંબંધમાં હું મારા મિત્ર કરસનદાસ જે. ચિતલીઆનો ઘણોજ આભારી થયો છું.

મણિલાલ છોટાલાલ પારેખ.

સ્ત્રીજનોપયોગી લેખ.

સ્ત્રી પ્રત્યે ઉપદેશ.

(શ્રીયુત્ કેશવચંદ્રસેન.)

જે દિવસે તમારી સાથે વિવાહના બંધનથી હું બંધાયો તે દિવસથી મ્હારા હાથ પર એક મહાન ભાર મુકવામાં આવેલો છે. પરમેશ્વરે તમને મ્હારા હૃદય સાથે ગુંથી તમારા મંગળનું સાધન કરવા મને પસંદ કર્યો છે. તમારા શરીર. મન, આત્માને સત્યના અને કલ્યાણના માર્ગે લઇ જવાં પડશે. જેમ હું મ્હારી પોતાની ઉન્નતિને માટે પ્રયત્ન કરતો આવ્યો છું તેજ પ્રમાણે તમારી ઉન્નતિનું સાધન મ્હારે કરવું પડશે. એ મ્હોટા અને કઠિણ કાર્યમાં ધર્મ-રાજ ઇશ્વરે મને જોડેલો છે જેથી એ કાર્ય

તેની કૃપાથી સારી રીતે કરી શકું એ ત્હેની પાસે પ્રાર્થના છે. તમે સત્ય સ્વરૂપની તરફ દ્રષ્ટિ રાખી તમારા પોતાના હિતને માટે આ ઉપદેશ ગ્રહણ કરો; અને જીવન રહે ત્યાં સુધી તે ઉપદેશ પાલન કરવાને કાયમનો વાક્ય પ્રયત્ન કરશો. ઇશ્વર સર્વદા તમારૂં મંગળ કરે અને તમારા હૃદયમાં ધર્મબુદ્ધિ અને ધર્મબળ પ્રેરણા કરે !

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પ્રથમ ઉપદેશ.

તમને મ્હારો પ્રથમ ઉપદેશ એ છે કે તમે સર્વદા એવો વિશ્વાસ હૃદયમાં જાગ્રત રાખશો કે, આપણો સંબંધ સાંસારિક સંબંધ નથી અને ઐહિક અનિત્ય ઇંદ્રિયસૂખના લાભ કરતાં તેનું લક્ષ્ય વધારે ઉંચું અને મ્હોટું છે. આ સંબંધ

ઇશ્વરે પોતે સ્થાપ્યો છે અને તેનો ઉદ્દેશ એ છે કે આપણે વિશુદ્ધ પ્રણયથી બંધાઇ ચિરજીવન પરસ્પરનાં ઉન્નતિ અને મંગળનું સાધન કરવું અને બન્નેએ મળી પરબ્રહ્મની ઉપાસના કરી ત્હેના આદેશ પ્રમાણે સંસારની યાત્રા કરવી. ધન, માન વગેરે સર્વ નીચ લક્ષ્યનો પરિત્યાગ કરી કેવળ તે પરમ પરિશુદ્ધ પિતાના કાર્યના સાધનમાં આપણે સર્વદા યત્ન કરતાં રહીએ. જેણે આપણને દૂરથી પાસે આણી પ્રીતિના બંધનથી બાંધ્યાં છે તેની ઉપાસના એકત્ર થઇ આનંદિત મનથી કરીએ, એકત્ર ત્હેનો પ્રેમરસ ચાખીએ, એકત્ર ત્હેની ચરણસેવા કરીએ, એકત્ર ત્હેની આજ્ઞા પાળી જીવનનું સાર્થક કરીએ, એજ આપણો હમેશનો ઉદ્દેશ થાઓ. આથી વધારે આનંદનો વિષય બીજો શો છે ? આપણો સંસાર ધર્મનો સંસાર થાઓ અને એ મધુ–સ્વરૂપ બ્રાહ્મધ-

ર્મના મધૂ ભાવથી પરિપૂરિત થાઓ ! આપણો સંસાર વિષયકોલાહલ અને વિષયનામળ વિનાનો થઇ ઇશ્વરના મંગળ નિયમથી સુશોભિત થાઓ, ત્હેની સત્ય જ્યોતિથી ઉજ્વળ થાઓ અન ત્હેના આનંદરસે પ્લાવિત થાઓ !

સ્ત્રીનું નામ સહધર્મિણી છે. ધર્મ એજ આપણું લક્ષ્ય છે, ધર્મ એજ આપણું ચિર જીવનનું કાર્ય છે. ધર્મના માર્ગે તમે મ્હારી સહાય અને સહચરી થાઓ !

ઉપદેશ બીજો.

તમે તે માત્ર એક સર્વસૃષ્ટા ઇશ્વર કે જેને બ્રહ્મગણ બ્રહ્મ કહી ઉપાસે છે ત્હેમાં વિશ્વાસ સ્થાપન કરો. તે સત્યસ્વરૂપ છે, તે સાર પદાર્થ છે, તે પ્રાણ સ્વરૂપ છે, ત્હેનું અવલંબન કરી સર્વ જીવ પ્રાણ ધારણ કરે છે

અને સર્વ સ્થિતિ કરે છે. તે મંગળ સ્વરૂપ છે. તેમાં કણુ જેટલું પણુ અમંગળ નથી, તે સર્વદા આપણું મંગળ વિધાન કરે છે. મહદ્ વિપદમાં સૂખ દુ:ખમાં, રોગ સૂસ્થતામાં તે આપણા મંગળમય પિતા છે. તે અનંત છે, તેને અંત નથી. તે સર્વ શક્તિમાન છે એટલે ત્હેની શક્તિનો અંત નથી. તે જે મનમાં ધારે છે તે કરી શકે છે. તે સર્વજ્ઞ છે, એટલે તેના જ્ઞાનનો અંત નથી, તે સર્વ જાણે છે. અંતર બાહેર કાંઈપણુ ત્હેનાથી અજાણ્યું નથી ભૂત ભવિષ્ય વર્તમાન એ સર્વને તે જુએ છે. તે સર્વવ્યાપી છે એટલે તે દેશમાં અનંત છે. તે સર્વ સ્થાનમાં વ્યાપી રહ્યા છે અને એકે એવુ સ્થાન નથી કે જયાં તે નથી. તે નિત્ય છે એટલે તે કાળમાં અનંત છે, તે પૂર્વે પણુ હતા, અત્યારે પણુ વર્ત્તમાન છે અને પછી પણુ રહેશે. તે અનંતકાળ સ્થિતિ કરે છે. તે

પરમાત્માને અવયવ નથી. તે ઇંદ્રિયોથી ગ્રાહ્ય નથી. તે જ્ઞાનસ્વરૂપ છે અને તેને માત્ર જ્ઞાન-દ્વારા જાણી શકાય છે. ત્હેણે આ સર્વ જગત સૃષ્ટિ બનાવ્યાં છે અને ત્હેના નિયમથી આ સર્વ ચાલે છે. તે સૃષ્ટિકર્તા અને નિયંતા છે, તે સત્યસ્વરૂપ, પ્રાણસ્વરૂપ, મંગળસ્વરૂપ, સર્વજ્ઞ, સર્વ શક્તિમાન્, સર્વવ્યાપી, નિત્ય, નિરવયવ, જ્ઞાનસ્વરૂપ, સર્વસૃષ્ટા, જગન્નિયંતા પરમાત્મામાં અચળ વિશ્વાસ સ્થાપન કરો! વિશ્વાસ એજ ધર્મનું જીવન છે, વિશ્વાસ એજ ધર્મનું પ્રથમ પગલું છે. જીવન જાય તો પણ એ વિશ્વાસનો કદિ ત્યાગ કરશો નહિ.

ઉપદેશ ત્રીજો.

વિશ્વાસ પછી પ્રીતિ છે. જ્ઞાનથી ઈશ્વરને જાણ્યા. વિશ્વાસથી ત્હેની સાથે યોગમાં જો-

ડાયા. હવે ત્હેને હૃદયની સર્વ પ્રીતિ અર્પણ કરો. જો તમે એવું સમજતા હશો કે પરમેશ્વર મંગળ સ્વરૂપ છે, સર્વ સમયે સર્વ અવસ્થામાં તમારી પાસે રહી તમારૂં મંગળ વિધાન કરે છે, તે તમારા પ્રાણદાતા રક્ષક અને ચિરસુહૃદ છે, તો તમારી પ્રીતિ ત્હેના પ્રત્યે આપોઆપ જોસથી ઉભરાશે. ત્હેના જેવા મિત્ર બીજે ક્યાં પામશો ? તે પરમ પિતા છે; તે પરમ માતા છે. ત્હેના પ્રેમથી બંધાઇ તમારૂં સર્વસ્વ ત્હેને અર્પણ કરો. યાવત્ જીવન ત્હેની સાથે પ્રીતિનાં બંધનથી બંધાઇ રહો. જેટલી ત્હેના પર પ્રીતિ કરશો તેટલો ત્હેનો આનંદ પામશો. સંસારના ક્ષુદ્ર અનિત્ય વિષયમાં હવે પ્રીતિ સ્થાપન કરશોનહિં. સર્વ પ્રીતિ તે અનંતકાળના જીવન–સખાને અર્પણ કરો. ત્હેને માત્ર જાણી શાંત થશો નહિ પણ પ્રતિ દિવસે ત્હેના પ્રત્યે તમારાં પ્રીતિ અને અનુ-

રાગ વધારે પ્રગટ કરતાં રહેજો. પ્રીતવિનાનું જ્ઞાન નિરસ છે અને કોઇ પણ કામનું નથી. પ્રીતિરસનું સિંચન કર્યાથીજ બ્રહ્મજ્ઞાન અમૃત ફળને ઉત્પન્ન કરેછે. ઇશ્વર પર પ્રીતિ કર્યાથી સર્વ મનુષ્યના પ્રત્યે પ્રીતિનો સ્રોત વહેવા લાગશે. સૃષ્ટા ઉપર પ્રીતિ થતાં ત્હેની સૃષ્ટિ પ્રત્યે પણ પ્રીતિ થશે. ત્હેને પિતા ગણી પ્રીતિ કરવાથી સર્વ લોકને ભાઇ બ્હેન ગણી પ્રીતિ કરવી પડશે. ધનવાન કે દરિદ્ર સર્વ મનુષ્યને વિશુદ્ધ પ્રીતિનયનથી જોશો. ભાઇ બ્હેન ગણી સર્વની સાથે નિષ્કપટ પ્રેમભાવથી મળી પરમ પિતાનું પ્રેમરાજ્ય વિસ્તારશો અને ત્હેનો મહિમા ગાશો.

ઉપદેશ ચોથો.

ખરી પ્રીતિ થતાં પ્રિયકાર્ય કરવાની ઇચ્છા આપોઆપ ઉત્પન્ન થાય છે જેની સાથે પ્રીતિ

કરીએ તેનાં મનગમતાં કાર્ય કરવાની ઇચ્છા અવશ્ય થાય છે. જો ઈશ્વરમાં પ્રીતિ હોય અને ત્હેનાં અપ્રિય કાર્યમાં પ્રવૃત્ત રહીએ તો તે પ્રીતિ શૂન્ય છે, કપટવાળી છે; તે કદિ પણ સારી પ્રીતિ નથી. માટે હૃદયની સર્વ પ્રીતિ ત્હેને અર્પી તમારા શરિર અને મનની સર્વ શકિત ત્હેના પ્રિય કાર્યમાં જોડશો. તે જે આદેશ કરે તે પાળવાનો યત્ન કરશો અને ત્હેને અણગમતાં કાર્ય વિષ ગણી ત્યાગ કરશો. જે કોઇ કાર્ય કરો તે પહેલાં વિચાર કરી જોશો કે એ કાર્ય ત્હેને પ્રિય છે કે અપ્રિય છે. જો પ્રિય હોય અને તેથી ઘણું કષ્ટ કે વિઘ્ન થતું હોય તોપણ તે પુરૂ કરવું અને જો અપ્રિય હોય છતાં સુખદાયી હોય તોપણ તેમાં પ્રવૃત્ત થશો નહિ ઇશ્વરે આપણને અહિં મોકલ્યાં છે તે એટલા માટે છે કે આપણે ત્હેના ફરમાવેલાં કાર્યમાં આપણું જે

કાંઇ છે તે જોઇએ. આપણી ઇચ્છા પ્રમાણે હોય કે ન હોય, લોકોને સંતોષકારક હોય કે ન હોય પણ જે ઇશ્વરની ઇચ્છા પ્રમાણે છે અને જેનો તે આદેશ કરે છે તે અવશ્ય કરશો અને તેમાં કાંઇ પણ અધુરાપણું રાખશો નહિં.

ઇશ્વર જેનો આદેશ કરે છે તેને કર્ત્તવ્ય કહે છે, એટલે તે કરવું તે આપણને પુરેપુરૂં ઉચિત છે. જેનો તે આદેશ નથી કરતા તે અકર્ત્તવ્ય છે. મનુષ્યનાં કર્તવ્ય ત્રણ જાતનાં છે. ૧ ઇશ્વર પ્રત્યે, ૨ બીજા લોકના પ્રત્યે, ૩. પોતાના પ્રત્યે. આ સર્વ કર્તવ્ય સાધનનું નામ બ્રહ્મધર્મનું અનૂષ્ઠાન છે. વિશ્વાસ, પ્રીતી અને અનૂષ્ઠાન એ ત્રણ એકત્ર થયે ખરૂં બ્રાહ્મ જીવન થાય છે. જેમાં આ ત્રણે છે તેઓજ બ્રહ્મપરાયણ બ્રાહ્મ છે. માટે તમે કાયમનો વાકયે ઇશ્વરમાં અચળ વિશ્વાસ સ્થાપન કરી

ત્હેને તમારી પ્રીતિ અર્પણ કરશો અને ત્હેનાં પ્રિયકાર્ય યત્નપૂર્વક કરી જીવનનું સાર્થક કરશો.

ઉપદેશ પાંચમો.

ઈશ્વર પ્રત્યે તમારૂં કર્તવ્ય એ છે કે તમારે નિયમિત પણે ત્હેની ઉપાસના કરવી. ઉપાસના એ મનુષ્યનું મુખ્ય કર્તવ્ય છે. એજ જીવનનું શ્રેષ્ટ કર્મ છે. એકવાર વિચાર કરી જુઓ કે જે અનંત છે, જે આ સર્વ જગતને સૃજી શાસન કરે છે ત્હેની પુજા આપણે આ પૃથિવિના ક્ષુદ્ર જીવ હોવા છતાં પ્રીતિ અને શ્રદ્ધા સહિત કરી શકીએ છીએ અને ત્હેના સહવાસમાં વિમળ આનંદનો ઉપભોગ કરી શકીએ છીએ. આના કરતાં આપણું વધારે સૌભાગ્ય બીજું કયું છે? જેટલી ત્હેની ઉપાસના કરશો તેટલા

ઉન્નત અને પવિત્ર થશો; તેટલા સંસારના પાપ તાપથી મુકત થશો. ઉપાસનામાંજ આપણું મહત્વછે. ઉપાસનાનાં પણ અંગ છે. ૧ આરાધના ૨ કૃતજ્ઞતા ૩ પ્રાર્થના. ઇશ્વરના નિષ્કલંક પવિત્ર ભાવનું સ્મરણ કરીને ત્હેને ચરણે શ્રદ્ધા અને ભકિત અર્પણ કરી ત્હેની આરાધના કરશો; તે આપણા ઉપર હુમેશાં અજસ્ત્ર કરૂણાવારિનું વર્ષણ કરે છે. તે આપણું માતા કરતાં અધિક સ્નેહથી લાલન પાલન કરે છે, આપણું મંગળ વિધાન કરે છે; એ માટે ત્હેને કૃતજ્ઞતા સહિત નમસ્કાર કરશો.

પાપથી મૂક્ત થવા માટે ત્હેની પાસે પ્રાર્થના કરશો. એ રીતે નિયમિતપણે ત્હેની ઉપાસના કરશો.

ઉપદેશ છઠ્ઠો.

ઉપાસનાનું પ્રધાન અંગ પ્રાર્થના છે. પ્રાર્થના ન કર્યે ધર્મ જરા પણ સિદ્ધ થતો નથી. સા-

ધકગણુ તેને ધર્મના પ્રાણરૂપે જાણે છે. એજ મૂક્તિલાભનો માત્ર એકજ ઉપાય છે. જુઓ આ સંસારમાં કેટલાં પ્રલોભનો છે; કેટલાં વિઘ્નો, કેટલી યંત્રણાઓ, અંદર બાહેર કેટલા શત્રુઓ છે. તેનો વિચાર કરતાં હૃદયનું લોહી સુકાઇ જાય છે. આ સર્વ રિપૂની સાથે સંગ્રામ કરી વિજયી થવું એ શું સામાન્ય બળનું કામ છે? આપણે શું આપણા ક્ષુદ્ર બળથી એ વિષયમાં કૃતકાર્ય થઇ શકીએ? કદિ પણ નહિ. આપણો દૂર્બળ આત્મા કેટલા સેંકડો વાર પાપના સ્રોતમાં પડે છે અને ધમથી ભ્રષ્ટ થાય છે. આ અભાવ જાણી શકયાથીજ આપણે વધારે બળ માટે ઈચ્છા કરીએ છીએ અને દીન ભાવે તેની પાસે પ્રાર્થના કરીએ છીએ. જે આપણા પરમ પિતા છે, જે આપણા ચિર સહાય છે અને જે મંગળ સ્વરૂપ છે ત્હેને ચરણે પડી આત્માનો અભાવ બતાવીએ છીએ.

બાળક જેમ ભુખ્યા થયે જનની પાસે રૂએ છે તેમજ આપણે સંસારના ભયથી ત્રાસ પામી અથવા શોકથી વ્યાકુળ થઇ અથવા પાપથી પીડાઇ તે પરમ પિતાને ચરણે પડી રડીએ છીએ. સંસારના પાપતાપથી માત્ર તેજ આપણું રક્ષણ કરી શકે છે. ધર્મના માર્ગે એજ માત્ર ઉન્નત કરી શકે છે, તેજ માત્ર એક સહાય છે, તેજ બળ છે, તેજ આશા છે. વિપદ વખતે ત્હેને કહીએ છીએ "બીજા કોને બોલાવું.? તમને છોડી જાઉં કોને દ્વારે?" કોઇ કોઇ કહે છે કે આપણે માત્ર પોતાનાજ પ્રયત્નથી કૃતાર્થ થઇ શકીએ છીએ અને તેથી ઇશ્વરની પાસે પ્રાર્થના કરવાની જરૂર નથી; આ ભયંકર ભ્રમ છે. એમાં કાંઇ સંદેહ નથી. ક્ષુદ્ર મનુષ્ય શું માત્ર પોતાના ક્ષુદ્ર બળથી મહાન ઇશ્વરને ચાહી શકે? કદિ પણ નહિ! સાવધાન! આ મહાન ભ્રમપાશમાં તમારો આત્મા પડે નહિ

તેની સંભાળ રાખશો. જ્યાંસુધી પ્રાણ રહે ત્યાંસુધી પ્રાર્થના રૂપી અમુલ્ય રત્નનો કદિ પણ તિરસ્કાર કરશો નહિ. પોતાનાં યત્ન અને પરિશ્રમ તો જોઇએ. પ્રયત્નવિના જ્યારે કોઇ કાર્યની સિદ્ધિ થતી નથી તો ધર્મની પ્રાપ્તિ કેવી રીતે થાય? જે વસ્તુ સાધવાની છે તેને અનુસરતો પ્રયત્ન કરશો. તમારી પોતાની શારીરિક અને માનસિક સર્વ શકિત જોડશો અને સર્વ પ્રકારના સદુપાય સ્વિકારશો પણ તેની સાથે સાથે સરલ અંતઃકરણથી પરમેશ્વરની પાસે ધર્મબળ માટે પ્રાર્થના કરશો. ત્હેની સહાયતા વિના તેને પાળવા અસંભવિત છે.

જે સર્વે જુઠા તર્ક કરવાવાળા કહે છે કે રોજ અમુક શબ્દ બોલવાથી શું વળે તે લોકો પ્રાર્થનાનો ખરો ભાવ સમજતા નથી. મુખથી બોલાયું તે શું પ્રાર્થનાં છે? પ્રાર્થનાના વાકય તો પ્રાર્થના નથી. શબ્દના ઉચ્ચારને તો પ્રા-

ર્થના કહેતા નથી. પ્રાર્થના અંતરમાં છે, તે આત્માની ક્રિયા છે. તે આંખે દેખાતી નથી કે કાને સંભળાતી નથી પ્રાર્થના શું છે? પાપથી પીડાઇને મુક્તિના લાભ માટે વિનીત ભાવથી ઇશ્વરને શરણે જવું તે છે. ધાર્મિક થવા માટે મુક્તિદાતાને અંતરમાં બોલાવવા તે છે. આ જાતની અંતરની પીડા અને અંતરનો આગ્રહ એજ પ્રાર્થના છે. એ મનુષ્યને સાંભળવાનો વિષય નથી, તે અંતર્યામી પરમેશ્વર ગ્રહણ કરે છે અને તે પ્રમાણે ફળનું દાન કરે છે. આ જાતની પ્રાર્થના કદિ પણ નિષ્ફળ જતી નથી. કરૂણામય પિતા, સ્નેહમયી પરમ માતા પ્રાર્થના કરતા સંતાનને કેડે લઇ તેઓના સર્વ અભાવ દૂર કરે છે અને તેઓના આત્માને જ્ઞાન અને ધર્મથી પૂર્ણ કરે છે. દુર્બળ આત્મા ત્હેની સહાયતાથી સબળ થાય છે. મોહથી ઘેરાયેલો આત્મા ધર્મનું તેજ પામે છે.

ઇશ્વરની પાસે લઇ જાય છે. જેટલા સરળ ભાવથી તમે પ્રાર્થના કરશો તેટલું તમારૂં કોમળ મન ઇશ્વરમાં પ્રીતિવાળું થશે; અને ત્હેના બળથી તમે બળવાળા થશો; તેટલે અંશે તે તમને ત્હેના અજસ્ર પ્રસાદનું દાન કરશે. પ્રાર્થના અતુલ્ય ધન છે. પ્રાર્થના ધર્મ-સંગ્રામનું બખ્તર છે, પાપ વિકારનું ઔષધ છે, સ્વર્ગનું સોપાન છે. તાપિત હૃદયનું શાંતિજળ છે અને નિરાશ્રિત આત્માનો ચિર બંધુ છે. પ્રાર્થના આપણું સર્વસ્વ છે. તમારૂં સર્વ જાય તો પણ આ અમુલ્ય રત્નનો પરિત્યાગ કરશો નહિ. સુખમાં કે દુઃખમાં સંપદમાં કે વિપદમાં અતિ યત્નથી તેની હૃદયમાં રક્ષા કરશો અને આ વાત સર્વદા મનમાં રાખશો કે પ્રાર્થનાથી છુટા પડતાં ધર્મથી છુટા પડાય છે. તમને વારંવાર કહું છું કે સાવધાન, પ્રાર્થનાથી કદિ પણ છુટાં પડશો નહિ.

ઉપદેશ સાતમો.

શરીરને નીરોગી રાખશો. બુદ્ધિને કેળવી જ્ઞાન પામશો અને આત્માના સર્વ સાધુભાવને ખીલાવી સાદ્વી થશો:—તમારાં પોતાના પ્રત્યે તમારા આ ત્રણ કર્તવ્ય છે. એ સાધન કર્યે ખરૂં મંગળ સમજવું. જો કે શરીર અસ્થાયી અને ક્ષણભંગૂર છે તોપણ તેના તરફ અજતન કે બેદરકારી રાખશો નહિ, કારણ કે તેની અંદર આત્મા રહ્યો છે અને તેની સાથે આત્માનો નિગૂઢ સંબંધ છે. શરીર નીરોગી અને સબળ હોવાથી મનની સ્ફૂર્તિ અને પ્રફૂલ્લતા વૃદ્ધિ પામે છે અને આપણે ધર્મના સર્વ આદેશ બરાબર મહેનત, ઉત્સાહ અને બળથી પાળી શકીએ છીએ. શરીર રોગથી પીડાતું હોવાથી અથવા દૂર્બળ હોવાથી જીવન કેવું ભારરૂપ થઇ પડે છે! માત્ર સંતોષ અને ઉલ્લાસ ઓછાં થાય છે એટલુંજ નથી, ધર્મસાધનમાં

પણ આપણે બહુ પછાત પડી જઇએ છીએ. માટે મરણ પર્યંત યત્નથી શરીરની રક્ષા કરશો અને તેની સેવા કરશો. જેથી એ દુર્બળ અને રોગી થાય તે જાતનું કાર્ય કરશો નહિ અને તેને નકામું કષ્ટ દેશો નહિ. મેલાં કપડાં પહેરવાં, દુર્ગંધવાળી હવા લેવી, અપરિમિત આહાર, આલસ્ય કે રાત્રિના ઉજાગરા વગેરે સર્વ રોગ અને દુર્બળતાનાં કારણથી દૂર રહેશો. આહાર, મહેનત અને આરામ એ ત્રણ વિષયમાં માપસર રહેશો. પહેરવાનાં વસ્ત્ર અને સુવાની પથારી સર્વદા ચોખ્ખાં રાખશો. કોઇ પણ જાતની દુર્ગંધવાળી વસ્તુ ઘરમાં રાખશો નહિ. હમેશાં શુદ્ધ અને સ્વચ્છ રહી ઘરનું સર્વ કામકાજ બરાબર કરશો, અને માફકસર મહેનત અને આરામથી શરીરને બળવાળું કરશો. શરીર નીરોગી અને સબળ હોવાથી ધર્મના માર્ગે તમને સહાય કરશે.

ઉપદેશ આઠમો.

શરીરની આરોગ્યતા પામવામાં જેમ યત્નની જરૂર છે તેમજ માનસિક વૃતિઓને પણ યત્નથી કેળવવી એ કર્તવ્ય અજ્ઞાનાંધકાર અને કુસંસ્કારથી મનને મુકત કરી ઉંચી બુદ્ધિથી જુદી જુદી જાતના હિતકારક તત્વનો સંચય કરશો. સ્ત્રી છો એમ ધારી એ વિષયમાં બેદરકાર રહેશો નહિ. વિદ્યાના વિષયમાં નર અને નારી બન્નેને અધિકાર છે. પરમેશ્વરે જેને બુદ્ધિ આપી છે તેને જ્ઞાન મેળવવાનો આદેશ કર્યો છે. બુદ્ધિવાળા મનુષ્યે અજ્ઞાન રહેવું એ કદિ પણ ત્હેને ગમતું નથી. મુર્ખ રહેવાથી જનસમાજમાં તિરસ્કાર થાય છે અને પોતાનું પણ બહુ અનિષ્ટ થાય છે. ઉંચા સુખથી દુર રહેવાથી અને હિતકારક કાર્યમાં પછાત રહેવાથી મન સર્વદા આલસ્યમાં કે મોજમજામાં વખત ગાળે છે. જ્ઞાનથી ભરેલાં પુસ્તકો પુર્ણપણે મન

ઈને વાંચવાં. સાહિત્ય, વ્યાકરણ, ભુગોળ, ઈતિહાસ અને ગણિત વગેરે વિષયોના ગ્રંથો વાંચી જ્ઞાન પામશો અને ધર્મ સંબંધી લેખો વાંચી આત્માનું કલ્યાણ સાધશો, ઉત્તમ ઉત્તમ પૂસ્તકો મનુષ્યને માટે બહુજ હિતકર છે. એકાંતે રહી તેઓની સહાયતાથી મનના ઘણા ઉપકાર સાધી શકાય છે. માટે કાળ નકામો ન ગાળતાં વખત મળ્યે વિદ્યાભ્યાસ કરી નવું નવું જ્ઞાન પામી બૂદ્ધિને ખીલાવશો; પૂરૂષો જે સર્વ કઠોર અને કઠિણ જ્ઞાન પામવાને પ્રવૃત્ત થાય છે તે સર્વ વિષયમાં તમને જોડાવાનું કહેતો નથી. તમે તમારા પોતાનાં સ્વભાવ અને અવસ્થાનો વિચાર કરી તેને ઉપયોગી જ્ઞાનથી તમારા પોતાના કલ્યાણના સાધનમાં યત્નવતી થશો. પૂરૂષોનું અનૂકરણ કરવુંજ જોઈએ એમ મનમાં સમજશો નહિ. વખતે વખતે શીવણ. ગુંથણ વગેરેનો અભ્યાસ રાખો તો સારૂં; કેમ

કે તે સ્ત્રી જાતીને વધારે ઉપયોગી છે. પણ એક તરફ જેમ આલસ્ય ત્યજી વિદ્યાભ્યાસ કરવાનું કતવ્ય છે તેમ વળી દિનરાત્રિ પુસ્તકમાં બંધાઇ રહેવું એ કર્તવ્ય નથી. ગૃહકાર્ય પ્રત્યે બેદરકાર રહેશો નહિ પણ તેમાં વિશેષ ચાતુર્ય મેળવવાને પ્રયત્ન કરશો. ગૃહની રાણી થઇ સર્વની યોગ્ય સંભાળ લેવી એ તમારૂં ખાસ કાર્ય છે. ગૃહકાય જેથી સુંદર રીતે થાય, જેથી કાંઇ પણ અવ્યવસ્થા ન રહે, પૈસાનો ખોટો ખર્ચ ન થાય, સંતાનોનું યોગ્ય રીતે લાલન પાલન થાય એ સર્વ વિષયમાં યત્નથી શિખામણ લેશો અને તે પ્રમાણે કાર્ય કરશો. પગલે પગલે તમારે તે જ્ઞાનની જરૂર છે. જો એ જ્ઞાન નહિ હોય તો સંસાર અવ્યવસ્થિત થઇ મહા અકલ્યાણનું કારણ થઇ પડશે. તેથી વિશુદ્ધ પ્રણાલી પ્રમાણે સંસારનાં કાર્ય કરી દિન દિન પરિવારના ક-

લ્યાણ અને સુખમાં વધારો કરશો. ગૃહ કાર્યમાં ચતુર થવું એ સ્ત્રિજાતિનું એક મુખ્ય કર્તવ્ય છે.

ઉપદેશ નવમો.

જ્ઞાન પામવાની સાથે સાથે ચરિત્ર વિશુદ્ધ કરવાનો પ્રયત્ન કરશો. જેનું ચરિત્ર સારૂં નથી તેને અતિ સૂક્ષ્મ અને ઉંચી બૂદ્ધિ પણ કાંઇ કામની નથી. ધર્મની સાથે રહેવાથીજ વિદ્યામાં શોભા અને સૌંદર્ય છે. ધર્મના દાસ થવામાંજ જ્ઞાનનું ગૌરવ છે. મનની સર્વ કુપ્રવૃત્તિને સંયમમાં રાખી પાપ વિચાર, પાપ વચન અને પાપ કર્મોથી દૂર રહેવું. જુદી જુદી જાતના સદૃપાય ગ્રહણ કરી સાધૂ-ગુણ-સંપન્ના અને સદાચારા થવું. મન વચન અને કર્મ એ સર્વને વિશુદ્ધ કરવાનો પ્રયત્ન કરવો. સમાહિત અને શાંત ચિત્ત થવું. તેમજ સંયતેન્દ્રિયા થવું.

સંસારનાં દૂઃખ કે વિપદમાં મનને ચલાયમાન કે દિલગિર થવા દેવું નહિ. ધિરજ અને શાંતિથી સર્વ કષ્ટ અને કલેશ સહન કરવાં અને વારંવાર દુઃખના ઘા વાગે તોપણ અધિરાં થવું નહિ. કર્તવ્યબુદ્ધિને જાગૃત રાખી સર્વદા ઇંદ્રિયોનું દમન કરવું અને કદિ પણ ઇંદ્રિય સુખમાં આસકત થવું નહિ. આવી રીતે મનને સંયમમાં રાખી દુઃખ અને પાપથી તમારૂં પોતાનું યત્નપૂર્વક સર્વદા રક્ષણ કરશો, સત્ય વાત કહેવી તમજ મૃદુભાષિણી થવું. બહુ ધન પ્રાપ્ત કરવાની આશા હોય તો પણ જુઠું બોલવું નહિ. સર્વ ધન સંપતિનો નાશ થવાનો હોય તો પણ અસત્ય કહેવું નહિ. સર્વને પ્રિય વાત કહેવી, અપ્રિય કઠોર વાકય મુખે આણવું નહિ. કડવી વાત, પરનિન્દા વગેરેથી તમારી કોમળ જીભને કલંક લગાડશો નહિ. પ્રિય વચનથી શત્રુની પણ પ્રિતિ ખેંચી શકાય છે.

ક્રોધ અને હિંસા એ ભયાનક રિપૂ છે. એને સર્વદા દૂર રાખશો. ક્રોધથી અંધ થયેલ મનૂષ્ય પોતાનું કે પારકું હિત દેખી શકતો નથી, પોતાના હૃદયને જૂદી જૂદી જાતની કૂટિલ ઈચ્છા દ્વારા છિન્નભિન્ન કરે છે અને શાંતિ, સદ્‌ભાવ અને પ્રેમથી દૂર થઇ અધર્મમાં પડે છે. બીજાનો દોષ જોતાં તે શાંત ભાવથી અને ઉદાર હૃદયથી ક્ષમા કરશો. ક્ષમા એ આત્માનું પરમ ભૂષણ છે. પરહિંસા એ અતિ નીચ-પ્રકૃતિનું લક્ષણ છે. એ કૂટિલ ભાવથી તમારા હૃદયને દૂષિત થવા દેશો નહિ. બીજાનાં ઉત્તમ વસ્ત્રો કે સુંદર અલંકાર જોઇ કદિ પણ દ્વેષ કરશો નહિ. પોતાનું જે હોય તેમાંજ સંતોષ રાખવો. પરમેશ્વરે અનેક સ્રીઓને જેમ તમારા કરતાં વધારે સુખી અને સોભાગ્યવાળી કરી છે તેમ વળી હજાર હજાર સ્રીઓને તમારા કરતાં ઘણું અસહ્ય દુઃખ સહન

કરવું પડે છે. સુંદર વસ્ત્રો કે સુવર્ણનાં ઘરે-
ણાંથી સુશોભિત થઇ સર્વ કરતાં શ્રેષ્ઠ થવું
એમાં શી મોટાઇ છે? જ્ઞાનધર્મમાં શ્રેષ્ઠ થવું
એમાંજ ખરૂં ગૌરવ છે અને એજ વખાણ
કરવા લાયક છે. મનના સૌંદર્યની સાથે શું
બાહેરના રૂપની તુલના કદીપણ થાય? કેવી
રીતે સર્વ કરતાં અધિક પુન્યવતી અને જ્ઞાન-
વતી થવાય એજ તમારૂં લક્ષ્ય થાઓ! દ્વેષ,
હિંસા, વગેરે સર્વ નિચ લક્ષ્યનો ત્યાગ કરો.
પરસૂખે સુખી અને પરદુઃખે દુઃખી થઇ સર્વ
પ્રત્યે સદ્ભાવ પ્રકાશ કરો. ધનનો સારી રીતે
ખર્ચ કરશે. ખોટો ખર્ચ કરશો નહિ તેમ
લોભની પણ ટેવ પાડશો નહિ. પોતાના પરિ-
વારના અને જનસમાજના મંગળને માટે
પૈસાનો ખર્ચ કરવો. સુશીલા અને લજ્જાવતી
થવું. પરમેશ્વરે સ્ત્રીજાતિને કોમળ સ્વભાવવાળી
બનાવી છે તેથી તેવા તમારા સ્વભાવને કદિ

પણ બગાડશો નહિં. તેમાંજ તમારૂં સૌંદર્ય છે. વિનય અને સુશીલતા એજ નારીનું ભૂષણ છે. મનની ચંચળતા, ક્રોધ, કઠોર, રીતભાત, નિષ્ઠુરતા, અપ્રિય વચન એ સર્વનો ત્યાગ કરશો; અને સર્વ સમયે સર્વ અવસ્થામાં સૂશીલ અને શાંત સ્વભાવ વાળા રહેવું. જ્ઞાન ધર્મમાં તમારી જે કાંઇ ઉન્નતિ થાય તેની સાથે સામે તેજ પ્રમાણમાં વિનય અને શરમ રહેવાં જોઇએ: અને તેમ થયેજ તમારી ઉન્નતિ સ્વાભાવિક અને તમારી પ્રકૃતિને અનૂસાર થઇ તમારા અને તમારા પરિવારના મંગળનું કારણ થશે.

ઉપદેશ દશમો.

પિતા માતા આચાર્ય અને ગુરૂજનના પ્રત્યે શ્રદ્ધા અને ભકિત, પતિના પ્રત્યે એકાંતિક અને નિઃસ્વાર્થ પ્રણય, ભ્રાતા ભગિનીના પ્રત્યે સદ્ભાવ અને પ્રીતિ, અને પૂત્ર, કન્યાના પ્રત્યે

સ્નેહ એ સર્વ દર્શાવવા એ વિશેષ વિશેષ સંબંધ જનિત કર્ત્તવ્ય છે. એ શિવાય સાધારણ મનુષ્ય જાતિ પ્રત્યે બે મૂખ્ય કર્ત્તવ્ય છે--ન્યાય અને દયા. કોઇ રીતે બીજાનું અનિષ્ટ ન કરવુ તેને ન્યાય વ્યવહાર કહેવામાં આવે છે, પર-દ્રવ્ય હરણ ન કરવું, બીજાને શરિર કે મનમાં કષ્ટ આપવું નહિ. બીજાની નિંદા કરવી નહિ. કોઇની ઉન્નતિના માર્ગમાં હરકત કરવી નહિ. કોઇને પાપમાં પ્રવૃત કરવા નહિ. એ સર્વ કાર્ય ન્યાયથી વિરૂદ્ધ છે, તેથી સાવધાનતા રાખી તે સર્વથી દૂર રહેશો. દયા શું છે? જાત જાતના ઉપાયથી બીજાના હિતનું સાધન કરવું તે છે. પરમેશ્વરે મનુષ્યને સમાજમાં બાંધ્યા છે તે એટલા માટે છે કે સહુ એક બીજાની સહાયતા કરી એક બીજાને સૂખી કરે. ધનદ્વારા, ઉપદેશદ્વારા, કાંઇક પરિશ્રમ દ્વારા, અને જરૂરની વસ્તુઓદ્વારા, પરોપકાર

થઇ શકે છે. રોગીને ઔષધ, ભુખ્યાને અન્ન તરશ્યાને જળનું દાન કરી તેઓનું શારીરિક કષ્ટ દુર કરશો. સદુપદેશદ્વારા ભ્રમમાં પડેલાં ભ્રાતા ભગિનીઓને વિશુદ્ધ જ્ઞાન આપશો. તમારા શરીરને મહેનતથી જો કોઇનું કષ્ટ શાંત થતું હોય તો તેમાં સંકોચાશો નહીં. જુદા જુદા ઉપાય લઇ તમારા બળ બુદ્ધિ, અને ધન પરોપકારમાં જોડી આ જીવનનું સાર્થક કરશો સર્વદા શ્રદ્ધાથી દાન કરશો પણ અશ્રદ્ધાથી કે યશના લોભને માટે કરશો નહિં કારણ કે એ જાતનું દાન કેવળ સ્વાર્થપરતાજ છે.

ઉપદેશ અગીઆરમો.

સ્ત્રી જાતિનો સ્વભાવ કોમળ અને શાંત છે. તેથી જન સમાજમાં તમારે અતિ સાવધાન થઇ રહેવાનું તમારૂં કર્તવ્ય છે. સંસારના અસંખ્ય પ્રલોભનોમાં આત્મરક્ષા પ્રત્યે

વિશેષ દ્રષ્ટિ રાખવી અવશ્યક છે. આ સર્વ પ્રલોભનો પ્રતિપળે પાપ પ્રત્યે આપણને ખેંચે છે અને તેથી શત શત અસાવધાન સ્ત્રી પુરૂષ પાપના ખાડામાં પડે છે તેથી યત્ન પૂર્વક સ્વાધીનતા રૂપી રત્નની રક્ષા કરશો. ખરી સ્વાધીનતા શી છે? ઇશ્વરને આધીન થવું એ ઇચ્છા પૂર્વક સર્વ શરિર મન તેના નિયમને આધીન કરવું સંપુર્ણ રૂપે તેના દાસ થવું એ છે. સ્વેચ્છાચારને સ્વાધીનતા કહેવાય નહિ; તેજ ખરી આધીનતા છે. જે મનુષ્ય ધર્મ શાસનને અતિક્રમ કરી કેવળ ઇંદ્રિય સૂખ અને લોકોની પાસે માન અને મોટાઇ પામવાને માટે સર્વદા પ્રયત્ન કરે છે તે મનુષ્ય ઇંદ્રિયોનો અને દુનિયાનો દાસ છે. તેની સ્વાધીનતા કયાં રહી? પણ જે પોતાની ઇચ્છાથી ઇશ્વરના માર્ગે, સત્યના માર્ગે, મંગળના માર્ગે, પોતાનું સર્વસ્વ જોડે છે અને

પોતાનું મંગળ સાધવા માટે પોતાના કર્તૃત્વ શક્તિ, સર્વ બંધનો અને વિપત્તિઓને દૂર કરે છે તેજ ખરી રીતે સ્વાધીન છે. જે સર્વ કુપ્રવૃત્તિને વશ રાખે છે, ઇંદ્રિયોના દાસ ન થતાં ઇંદ્રિયોને પોતાની દાસી બનાવે છે, જે લોકોની વિનંતિથી કે લોકોના ભયથી ધર્મને ત્યજતા નથી અને જે બીજાની વાતથી પોતાના આત્માનું પ્રભુત્વ ખોતા નથી તેજ સ્વાધીન છે. આ સ્વાધીનતાજ મનુષ્ય જીવનનું ગૌરવ છે. સ્ત્રી પુરૂષ બન્નેને તેમાં સમાન અધિકાર છે. સ્વાધીનતા ન રહ્યે મનુષ્યત્વ પણ રહેતું નથી એમ કહી શકાય. કારણ કે ઇંદ્રિયોના કે ઘટનાઓના દાસ થવું એજ પશુભાવ છે. પોતાના ઉપર જેટલું આપણું કર્તૃત્વ તેટલો જ ધર્મ અને તેટલાજ પ્રમાણમાં ખરૂં મનુષ્યત્વ છે. તેટલા માટે સર્વ પ્રકારના દાસત્વમાંથી મૂકત થઇ ધર્મની સ્વાધીનતા પ્રાપ્ત

કરશો. જે અધર્મ છે તેમાં પ્રવૃત્ત થવા સહસ્ત્ર લોક વિનંતિ કરે તોપણ થશો નહિ. જે સત્કર્મ છે તે કરવામાં સર્વની નિંદા સાંભળવી પડે તોપણ તે કરશો. દેશના આચાર વ્યવહારને પણ મનમાં રાખી કાર્ય કરશો નહિ; તેમજ લોકોના આદર કે અનાદરપર પણ દ્રષ્ટિ રાખશો નહિ. તેમ વળી સ્વેચ્છાચારીની માફક ઇચ્છામાં આવે તેમ વર્તશો નહિ. ઇશ્વર એકનેજ પ્રભુ જાણશો. તમે તેનીજ દાસી છો. તેનીજ આજ્ઞાનું પાલન કરશો; તેનાંજ કાર્ય કરશો.

ઉપદેશ બારમો.

યત્ન પૂર્વક સંતાનગણનું લાલન પાલન કરશો અને તેઓના શરિર અને આત્મા બન્ને પ્રત્યે દૃષ્ટિ રાખશો. બાલ્યકાળે જેમ સ્તન દ્વારા તેઓનું પોષણ કરો છો તેજ પમાણે તેઓનું

વય મોટું થતાં તેઓના આત્મા તમારા કોમળ ઉપદેશથી જ્ઞાન ધર્મમાં ઉન્નત થાય તેવા પ્રયત્ન કરશો. માતા પરમ ગુરૂ છે. માતાના ઉપદેશ જેમ શિશુ સંતાનના કોમળ હૃદયમાં જડ ઘાલી ચીરકાળને માટે મંગળ ફળ ઉત્પન્ન કરે છે તેમ બીજું કશું પણ કરતું નથી. જેમ રોગ, કષ્ટ કે પિડાથી તેઓના શરિરનું રક્ષણ કરવાનું છે તેમજ તેઓના આત્માને પણ સંસારના પ્રલોભનો અને ભયથી દૂર રાખશો. સંતાન જેથી સબળ શરીરવાળા અને નીરોગી થાય તેમજ સાધુ અને જ્ઞાનવાન થાય એવા પ્રયત્ન કરશો. તમારા સ્નેહ અને મમતા તેઓની ઉન્નતિમાં આડે આવે નહિ તેમ કરશો. પૂત્ર જ્ઞાનવાન અને સચ્ચરિત્ર થયે પિતા માતાનું મૂખ ઉજ્જવળ કરે છે અને કુટુંબની પણ શોભા વધારે છે. મોટું વય થતાં વિદ્યાલયે બાળક જ્ઞાન તો

પામશેજ અને પિતાના શાસનથી સત પંથે જવાની શીખામણ પણ પામશેજ; પણ બાલ્ય કાળે તેઓના કોમળ હૃદયમાં સર્વ જાતિની સૂનીતિનું સેવન કરવું એ તમારૂં મૂખ્ય કર્ત્તવ્ય છે. નહિતો ઉન્નતિના માર્ગમાં અનેક હરકત આડી આવશે. માતાની વાતોથી કે માતાનાં દ્રષ્ટાંતથી બાળક જે સર્વ કુસંસ્કાર અને દોષમાં પડે છે તેને દૂર કરવા બહુ મુશ્કેલ છે. સહુ કોઇ જાણે છે કે માતાઓ પોતાના સંતાન પ્રત્યે અન્યાયવાળો પ્રેમ કરે અને સહસ્ર દોષ દેખતાં છતાં પણ જો નારાજ ન થાય તો તેથી તે બાળક શિથિલ હૃદયવાળું થઇ આખરે જાત જાતના દોષમાં પડે છે. તેમ વળી અનેક અનેક મનુષ્યો માત્ર માતાના ઉપદેશથી જ્ઞાન ધર્મમાં વિશેષ ઉન્નતિ પ્રાપ્ત કરી મહત્વ પામી ગયા છે, તેથી અતિ સંભાળથી સંતાનથી કુપથ અને કુસંસ્કારમાંથી રક્ષા

કરશો અને બાલ્યકાળે તેઓના કોમળ મનમાં જ્ઞાન અને ધર્મના અંકૂર ઉગાડશો. તેઓને કોઈની સાથે કલેશ કરતાં દેખી તેમને તેમાંથી દૂર કરશો. અપશબ્દ કે કડવાં વચન તેઓને કહેતાં સાંભળો તો તેઓને તેમ કરતાં બંધ પાડશો. કુસંગથી દૂર રાખશો. તેઓને ઘરેણાં કે વસ્ત્ર પ્રત્યે બહુ શોખીન થવા દેશો નહિ. વખતો વખત તેઓની ઉન્નતિની ખબર લેશો, રમુજી વાર્તાઓદ્વારા સદૂપદેશ આપશો, તેઓમાં કોઇપણ દોષ જોતાં સ્નેહથી હિતની શીખામણ આપશો અને તેઓના હૃદયમાં સર્વદા ઇશ્વરના પ્રત્યે ભક્તિ અને સત્યના પ્રત્યે પ્રેમ ઉદ્દીપન કરશો. આમ થતાં તેઓ તમને માતા તરીકે પ્રીતિ કરતાં કરતાં ઇશ્વરને પરમ માતા તરીકે સહજ રીતે પ્રીતિ કરતાં શીખશે અને તમારા સ્નેહમાં ઇશ્વરનો અતૂલ સ્નેહ ઓળખશે.

એ કુટુંબ કેવું સૂંદર છે કે જેમાં પૂત્ર અને કન્યાઓ માતાના વિશુદ્ધ સ્નેહથી વશીભૂત થઇ અને તેનાં દ્રષ્ટાંતથી સુશિક્ષિત થઇ પરમ માતાની સેવામાં સર્વદા જોડાય છે !

ૐ શાન્તિઃ ! શાન્તિઃ !! શાન્તિઃ !!!

Printed & published by Bhagvanlal
Bhatt. at Subodhini P. Press 305 Bazaragate
fort Bombay.

First Edition. Copies 1000.

A. D. 1915.